RNI No.: GUJGUJ/2014/59295
www.janfariyadnews.com

# ન્યૂઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક
E mail - prdpraval@yahoo.co.uk
*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)
*Volume : 9 * Issue No. 330* Date: 20.09.2023,Wednesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# રાજ્યમાં આગામી ત્રણ દિવસ ભારે વરસાદની આગાહી



ગુજરાતમાં છેલ્લા ત્રણ દિવસથી ભારે વરસાદ વરસી રહ્યો છે. રાજ્ય હવામાન વિભાગે રાજસ્થાનમાં ઉત્તર પૂર્વમાં બનેલા લો પ્રેશરને કારણે એક સિસ્ટમ બની રહી છે જેના કારણે ગુજરાતમાં ત્રણ દિવસ ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

દરમિયાન રાજ્ય હવામાન વિભાગના જણાવ્યા અનુસાર રાજસ્થાનમાં ઉત્તર પૂર્વમાં બનેલા લો પ્રેશરને કારણે એક સિસ્ટમ બની રહી છે જેના કારણે તા.૧૯મી સપ્ટેમ્બરે બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, પાટણ, મહેસાણા, ગાંધીનગર, મહિસાગર, કચ્છ, સુરેન્દ્રનગર, અમદાવાદ, ખેડા, પંચમહાલ, દાહોદ, છોટા ઉદેપુર, વડોદરા, આણંદ, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ, ભાવનગર, અમરેલી, બોટાદ, ગીર સોમનાથ, જૂનાગઢ, પોરબંદર, રાજકોટ, જામનગર, દેવભૂમિ દ્વારકા અને મોરબીમાં ભારે વરસાદ પડવાની આગાહી કરી છે. જ્યારે તા.૨૦મી સપ્ટેમ્બરે કચ્છ, પાટણ, બનાસકાંઠામાં ભારેથી અતિભારે જ્યારે મોરબી, સુરેન્દ્રનગર, મહેસાણા, ગાંધીનગર સાબરકાંઠા, અરવલ્લી, મહિસાગર, અમદાવાદ, ખેડા, આણંદ, વડોદરા, છોટા ઉદેપુર, દાહોદ, પંચમહાલ, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, બોટાદ, ભાવનગર, અમરેલી, ગીર સોમનાથ, જૂનાગઢ, પોરબંદર, દેવભૂમિ દ્વારકા, જામનગરમાં ભારેથી અતિ ભારે વરસાદ પડવાની આગાહી કરી હતી. જ્યારે તા.૨૧મી સપ્ટેમ્બરે કચ્છમાં અતિભારે વરસાદની શક્યતા છે. જ્યારે જામનગર અને દેવભૂમિ દ્વારકામાં ભારે વરસાદ વરસી શકે છે.

આ ઉપરાંત બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, ગાંધીનગર, અમદાવાદ, ખેડા, આણંદ, મહિસાગર, વડોદરા, છોટા ઉદેપુર, દાહોદ, પંચમહાલ, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ, બોટાદ, ભાવનગર, અમરેલી, ગીર સોમનાથ, જૂનાગઢ, પોરબંદર, રાજકોટ, મોરબી, સુરેન્દ્રનગરમાં ભારે વરસાદની સાથે માછીમારોને ૨૦મી તારીખ સુધી દરિયો ન ખેડવાની ચેતવણી આપવામાં આવી હતી.

## ગુજરાતમાં બારે મેઘ ખાંગા : ૩ નેશનલ હાઈવે, ૧૪ સ્ટેટ હાઈવે સહિત ૧૧૭ રસ્તા બંધ

રાજ્યમાં ભારે વરસાદના કારણે ૧૭૭ રસ્તાઓ બંધ કરવામાં આવ્યા છે. તે સિવાય ૧૪ સ્ટેટ હાઈવે, ૩ નેશનલ હાઈવે પણ વરસાદના કારણે બંધ છે. જે રસ્તાઓ બંધ છે તેમાં પંચાયત હસ્તકના ૧૫૨ રસ્તાઓ બંધ છે. ઉપરાંત આઠ અન્ય ૮ રસ્તાઓ વાહન વ્યવહાર માટે બંધ કરાયા હતા.

રાજ્યમાં સૌથી વધુ ભરૂચ જિલ્લાના ૬૯ રસ્તાઓ બંધ કરાયા હતા. પંચમહાલના ૨૨, વડોદરા જિલ્લાના ૨૦ રસ્તા બંધ કરાયા છે. દાહોદ જિલ્લાના પણ ૧૩ રસ્તાઓ વાહન વ્યવહાર માટે બંધ કરાયા હતા. સતત બીજા દિવસે મહેસાણા જિલ્લામાં વરસાદ વરસ્યો હતો. ભારે વરસાદથી જિલ્લાના કેટલાક રસ્તા બંધ કરાયા હતા. બેચરાજી-હારીજને જોડતા રોડનો અંડરપાસ પાણીમાં ગરકાવ થયો હતો. અંડરપાસ પાણીમાં ગરકાવ થતા વાહન વ્યવહાર પ્રભાવિત થયો હતો. બેચરાજી તાલુકાના ૧૦થી વધુ ગામોના વાહન ચાલકોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

ભારે વરસાદને કારણે રાજ્યમાં હાઈવે તથા પંચાયત માર્ગોને જે અસર પડી છે ત્યાં મરામત કામગીરી સત્વરે હાથ ધરી સ્થિતિ પૂર્વવત કરવામાં મંત્રીએ સૂચનો કર્યાં હતાં. તેમણે કેન્દ્રીય હવામાન વિભાગના ડિરેકટર પાસેથી રાજ્યમાં આગામી દિવસોમાં વરસાદની સંભાવના અને હવામાનની સંભવિત સ્થિતિની જાણકારી પણ લીધી હતી. પ્રવકતા મંત્રીએ અસરગ્રસ્ત વિસ્તારોમાં વીજ પુરવઠો, પીવાના પાણી અને રોડ કનેક્ટિવિટીને જ્યાં અસર પહોંચી છે તે ઝડપ ભેર પૂર્વવત કરવા બેઠકમાં ઉપસ્થિત વરિષ્ઠ સચિવોને સૂચનો કર્યા હતા.

## કેનેડા-ભારતના સંબંધો વણસ્યા : કેનેડાના રાજદ્વારીને દેશ છોડવા પાંચ દિવસનો સમય



ખાલિસ્તાનને લઈને ભારત અને કેનેડા વચ્ચે તણાવ વધી રહ્યો છે. કેનેડાએ ભારતીય રાજદ્વારીને દેશ છોડવાનો આદેશ આપ્યો હતો અને તેના જવાબમાં ભારતે પણ કડક કાર્યવાહી કરી છે. વિદેશ મંત્રાલયે કેનેડાના રાજદૂતને બોલાવ્યા અને પછી વરિષ્ઠ રાજદ્વારીને દેશ છોડવાનો આદેશ આપ્યો. કેનેડિયન રાજદ્વારીને આગામી ૫ દિવસમાં ભારતથી પરત ફરવાનું કહેવામાં આવ્યું છે. ભારત દ્વારા જે કેનેડિયન અધિકારીને દેશ છોડવા માટે કહેવામાં આવ્યું છે તેનું નામ ઓલિવિયર સિલ્વેસ્ટર છે. ઓલિવિયર ભારતમાં કેનેડિયન ગુપ્તચર એજન્સીના સ્ટેશન ચીફ હતા. ભારત સરકારનું કહેવું છે કે કેનેડા તેની ધરતી પર ખાલિસ્તાનીઓની ગતિવિધિઓને રોકવામાં નિષ્ફળ રહ્યું છે. આટલું જ નહી તેને ખુલ્લેઆમ સમર્થન પણ કર્યું છે.

રાજદ્વારીને દેશમાંથી બહાર કાઢતા પહેલા ભારતીય વિદેશ મંત્રાલયે કેનેડાના રાજદૂત કેમરન મેકેને સમન્સ પાઠવ્યા હતા. આ દરમિયાન તેમને કહેવામાં આવ્યું કે કેનેડાના એક વરિષ્ઠ રાજદ્વારીને દેશમાંથી કાઢી મૂકવામાં આવી રહ્યા છે. તેમને દેશ છોડવા માટે ૫ દિવસનો સમય મળશે. સામાન્ય રીતે, જો સંબંધો બગડે છે, જો કોઈ દેશ તેના રાજદ્વારીને હાંકી કાઢે છે, તો તેના બદલામાં અન્ય દેશ દ્વારા સમાન પગલાં લેવામાં આવે છે. વિદેશ મંત્રાલયે એક નિવેદન જારી કરીને કહ્યું કે, 'ભારતમાં કેનેડાના હાઈ કમિશનરને આજે બોલાવવામાં આવ્યા હતા. આ દરમિયાન તેમને કહેવામાં આવ્યું કે ભારત સરકારે કેનેડાના રાજદ્વારીને દેશમાંથી હાંકી કાઢવાનો નિર્ણય લીધો છે. સંબંધિત રાજદ્વારીને ૫ દિવસમાં દેશ છોડી દેવા માટે કહેવામાં આવ્યું છે.

## ગરીબ જેલમાં રહી જાય છે, અમીરોને મળી જાય છે જામીન; સુપ્રીમ કોર્ટના જજ થયા નિરાશ

નવી દિલ્હી, તા. ૧૯ાલની સ્થિતિ પર નિરાશા વ્યક્ત કરી છે. તેમનું કહેવું છે કે, ગરીબ લોકો જેલમાં એટલા માટે રહી જાય છે કારણ કે, તેઓ ખર્ચ નથી ઉઠાવી શકતા. જ્યારે વકીલ કરવામાં સક્ષમ અમીરોને જામીન મળી જાય છે. આ સમય દરમિયાન તેમણે વર્ષોથી જેલમાં બંધ અંડરટ્રાયલ કેદીઓના મુદ્દે કડક વલણ અપનાવ્યું હતું.


અંડરટ્રાયલ રિવ્યુ કમિટી સ્પેશિયલ કેમ્પેઈન ૨૦૨૩ના લોન્ચિંગના અવસર પર જસ્ટિસ કૌલે કહ્યું કે ગરીબ અને અશિક્ષિત લોકોને કસ્ટડીમાં લેવાની શક્યતા વધુ છે. તેમણે કહ્યું કે, જજ તરીકે અમારી જવાબદારી એ સુનિશ્ચિત કરવાની છે કે કાયદાનું પાલન અને તેમની સાથે એ આધાર પર ભેદભાવ ન થવો જોઈએ કે, તેઓ કયા સ્તરના વકીલોની સહાયતા લઈ રહ્યા છે.

આ કેમ્પેઈન હેઠળ એવા કેદીઓની ઓળખ અને સમીક્ષા કરવાની છે, જેમની મુક્તિ પર વિચાર કરી શકાય. તેમણે કહ્યું કે, અંડરટ્રાયલ કેદીઓને લાંબા સમય સુધી જેલમાં કેદ રાખવાની બાબત ભયજનક છે. તેમણે કહ્યું કે, આ મુદ્દે કોઈ પણ પોતાની આંખો બંધ ન કરી શકે. જસ્ટિસ કૌલે કહ્યું કે, ગરીબ કેદીઓને સતત કસ્ટડીમાં રાખવાથી તેની અસર તેમના પર અને તેમના પરિવાર પર પડે છે.

## અદાણી જૂથની તપાસ કરતી પેનલના ત્રણ સભ્યો સામે સુપ્રીમમાં અરજી

નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટમાં કરાયેલી એક નવી અરજીમાં જણાવ્યાં અનુસાર, અમેરિકન શોર્ટ સેલર હિન્ડેનબર્ગ દ્વારા ભારતના અદાણી જૂથ વિરુદ્ધ કરાયેલા આક્ષેપોની તપાસ માટે સર્વોચ્ચ અદાલત દ્વારા રચાયેલી નિષ્ણાતોની સમિતિ હિતોનો સંભવિત ટકરાવ ધરાવતા કેટલાંક સભ્યો ધરાવે છે. આ સભ્યોમાં એસબીઆઈના પૂર્વ ચેરમેન ઓ.પી. ભાટ, ઁઁઁ બેન્કના પૂર્વ ચેરમેન કે.વી. કામથ તથા સોમશેખર સુંદરેસન નામના વકીલના નામનો ઉલ્લેખ કરાયો છે. અનામિકા જયસ્વાલ નામની અરજદારે કરેલી આ અરજીમાં કરાયેલા દાવા અનુસાર, સુપ્રીમે રચેલી છ સભ્યોની નિષ્ણાતોની સમિતિના સભ્ય અને સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાના પૂર્વ ચેરમેન ઓ.પી. ભાટ અદાણી જૂથ સાથે વેપારી સંબંધો ધરાવતી ગ્રીનકો નામની રિન્યુએબલ એનર્જી કંપનીના અધ્યક્ષ છે. અરજીમાં અદાણીના પ્રસ્તાવિત ઔદ્યોગિક કોમ્પલેક્સને ૧,૦૦૦ મેગાવોટ સુધીની રિન્યુએબલ એનર્જી પૂરી પાડવાની જાહેરાત કરતું ગ્રીનકો દ્વારા ૧૪ માર્ચ, ૨૦૨૨ના રોજ જારી કરાયેલ પ્રેસ સ્ટેટમેન્ટ ટાંકવામાં આવ્યું હતું. આ ઉપરાંત તેમાં દાવોસ ખાતે બંને જણાં દ્વારા ભાગીદારી કરાઈ હોવાના સમાચારનો પણ ઉલ્લેખ કરાયો હતો. આ તમામ બાબતો સ્પષ્ટપણે ઓ.પી. ભાટના હિતોનો ટકરાવ દર્શાવે છે, જે અંગે ભાટે જાતે જ ધ્યાન દોરવું જોઈતું હતું. અરજદારે દાવો કરતાં જણાવ્યું હતું કે, વિજય માલ્યાને લોન આપવામાં કથિત ગેરરીતિના મામલે સીબીઆઈએ માર્ચ, ૨૦૧૮માં ભાટની પૂછપરછ કરી હતી. ભાટ ૨૦૦૬થી ૨૦૧૧ના ગાળામાં એસબીઆઈના ચેરમેન હતાં, અને આ ગાળામાં જ માલ્યાની કંપનીઓને મોટાભાગની લોન અપાઈ હતી. કામથના નામનો ઉલ્લેખ કરતાં અરજીમાં જણાવાયું છે કે, વીડિયોકોન જૂથને લોન આપવા બદલ ઁઁઁ બેન્કના પૂર્વ એમડી અને સીઈઓ ચંદા કોચરને મળેલાં કથિત ગેરકાયદે લાભોના કેસમાં, સીબીઆઈ કરેલી એફઆઈઆરમાં કામથનું નામ હતું. જ્યારે સોમશેખર સુંદરન સેબીના બોર્ડ સહિત અનેક ફોરમ્સમાં અદાણીના વકીલ તરીકે ઉપસ્થિત રહી ચુક્યા છે. અરજીમાં જણાવ્યાં અનુસાર, વર્તમાન નિષ્ણાત કમિટી દેશના લોકોનો વિશ્વાસ જાળવી રાખવામાં નિષ્ફળ રહેશે આથી જ અમે નિષ્ણાતોની નવી કમિટી બનાવવાની માગ કરીએ છીએ. સુપ્રીમ કોર્ટમાં અદાણી કેસની આગામી સુનાવણી ૧૩ ઓક્ટોબરના રોજ યોજાશે.





## ભારતની પડખે આવ્યું અમેરિકા, કેનેડાના આરોપને લઈને વ્યક્ત કરી ચિંતા, કહ્યું ઘટનાની યોગ્ય તપાસ કરે

કેનેડા અને ભારતની વચ્ચે ખાલિસ્તાની આતંકી હરદીપ સિંહ નિજ્જરની હત્યાકાંડને લઈને ભારે કડવાશ આવી ચુકી છે. કેનેડાએ ખાલિસ્તાની આતંકીની હત્યા પાછળ ભારતની સંડોવણી હવાના આરોપ લગાવતા ટોચના ભારતીય રાજદ્વારીને હાંકી કાઢ્યા હતા, ત્યાર બાદ ભારતે પણ વળતો જવાબ આપતા કેનેડિયન રાજદ્વારીને હાંકી કાઢીને પાંચ દિવસમાં દેશ છોડવાનો આદેશ આપ્યો છે ત્યારે હવે ભારત અને કેનેડા વચ્ચે ખાલિસ્તાની આતંકીની હત્યાને પગલે ચાલી રહેલા તણાવ પર અમેરિકાએ ચિંતા વ્યક્ત કરી છે.અમેરિકાએ કહ્યું કે કેનેડેના સરે શહેરમાં એક શીખ કાર્યકર્તાની હત્યાને લઈને કેનેડાના ઁ જસ્ટિન ટ્રુડોના ભારતના પરના આરોપોથી તે ખુબ જ ચિંતિત છે. સ્થાનિક સમાચાર એજન્સી અનુસાર વ્હાઈટ હાઉસ રાષ્ટ્રીય સુરક્ષા પરિષદના પ્રવક્તા એડ્રિન વોટસને કહ્યું હતું કે અમે કેનેડાના ઁ જસ્ટિન ટ્રુડોના ભારત પર લગાવવામાં આવેલા આરોપોને લઈને ખૂબ જ ચિંતિત છીએ તેમજ અમે અમારા કેનેડિયન સહયોગી સાથે નિયમિતી રુપે સંપર્કમાં રહીએ છીએ. આ ઉપરાંત તેમણે કહ્યું હતું કે કેનેડા આ ઘટનાની યોગ્ય તપાસ કરે. કેનેડાના ઁ જસ્ટિન ટુડોએ સોમવારે કેનેડિયન સંસદમાં ખાલિસ્તાની આતંકવાદી હરદીપસિંહ નિજ્જરની હત્યામાં ભારતની સંડોવણી વિશે વાત કરી હતી, તેમણે કહ્યું હતું કે કેનેડાની સુરક્ષા એજન્સીઓ આ કેસ મામલે તપાસ કરી રહી છે.

## જૂની સંસદમાં સાંસદોનું ફોટોશૂટ, ફોટો સેશન દરમિયાન સાંસદ નરહરી અમીનની તબિયત લથડી

સંસદનું વિશેષ સત્ર ચાલી રહ્યું છે. આજે સત્રનો બીજો દિવસ છે. નવા સંસદ ભવનમાં આજથી સત્રની કાર્યવાહી શરૂ થશે. આ પહેલા જૂની સંસદમાં લોકસભા અને રાજયસભાના તમામ સાંસદોનું એક સાથે ફોટોશૂટ થયું હતું. જેમાં પીએમ મોદી, લોકસભા સ્પીકર ઓમ બિરલા, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, સોનિયા ગાંધી, મલ્લિકાર્જુન ખડગે સહિત લોકસભા અને રાજયસભાના તમામ સભ્યો હાજર રહ્યા હતા. મહિલા આરક્ષણ બિલને સોમવારે મોદી કેબિનેટે વિશેષ સત્ર દરમિયાન મંજૂરી આપી હતી. માનવામાં આવી રહ્યું છે કે કેન્દ્ર સરકાર ટૂંક સમયમાં તેને




લોકસભામાં રજૂ કરી શકે છે. આ પહેલીવાર નથી જ્યારે મહિલા અનામત બિલ ગૃહના ટેબલ પર આવશે. ૧૯૯૬થી ૨૭ વર્ષમાં સંસદમાં આ મહત્વનો મુદ્દો ઘણી વખત ઉઠાવવામાં આવ્યો છે. પરંતુ તે બંને ગૃહમાં પસાર થઈ શક્યું ન હતું. ૨૦૧૦માં તેને રાજ્યસભામાં પણ હોબાળા વચ્ચે પસાર કરવામાં આવ્યો હતો. પરંતુ તે લોકસભામાં પસાર થઈ શક્યું ન હતું.સંસદ સત્રના બીજા દિવસે આજે બધા સંસદ સભ્યોનું ફોટોશૂટ સમય દરમિયાન ભાજપના સાંસદ નરહરી અમીન સંસદસભ્યોના ગ્રુપ ફોટો સેશન દરમિયાન બેભાન થઈ ગયા હતા. તેને તાત્કાલિક સારવાર અર્થે ખસેડવામાં આવ્યા. જે બાદ તે હવે સ્વસ્થ થઈ ગયા છે

## અનંતનાગ એન્કાઉન્ટરમાં સેનાને મળી મોટી સફળતા, લશ્કર-એ-તૈયબાનો આતંકી ઉઝૈર ખાન ઠાર મરાયો

અનંતનાગ, તા. ૧૯

જમ્મુ-કાશ્મીરના અનંતનાગમાં ચાલી રહેલા એન્કાઉન્ટરમાં સેનાને મોટી સફળતા મળી છે. સેનાએ લશ્કર-એ-તૈયબાનો આતંકી ઉઝૈર ખાનને ઠાર કર્યો છે. કાશ્મીરના એડીજીપી વિજય કુમારે જણાવ્યું કે, અનંતનાગમાં આતંકવાદી ઉઝૈર માર્યો ગયો છે. એક મૃતદેહને શોધવામાં આવી રહ્યો છે જે આતંકવાદીનો હોઈ શકે છે. સર્ચ ઓપરેશન ચાલુ જ રહેશે કારણ કે, અહીં હથિયારો મળી આવ્યા છે. આ ઓપરેશનમાં ચાર જવાનો પણ શહીદ થયા છે.હાલમાં અનંતનાગમાં ચાલી રહેલું એન્કાઉન્ટર પુરુ થઈ ગયું છે. આવી સ્થિતિમાં હવે સેનાએ પોતાનું ફોકસ સર્ચ ઓપરેશન પર લગાવી દીધું છે. તેનું કારણ એ છે કે, ત્યાંથી આતંકવાદીઓ સાથે સબંધિત કેટલીક વસ્તુઓ હોઈ શકે છે. આ ઓપરેશનમાં બે આતંકવાદીઓને ઠાર કરવામાં આવ્યા છે જ્યારે ૪ જવાનો શહીદ થયા છે. સેના હજુ ત્રીજા આતંવાદીના મૃતદેહને શોધી રહી છે. હાલમાં સેનાએ આખા વિસ્તારને કોર્ડન કરી લીધો છે. જંગલોમાં સેનાના જવાનો આતંકવાદીઓના સામાનની તલાશી કરી રહ્યા છે.વિજય કુમારે અનંતનાગ ઓપરેશન અંગે મીડિયા સાથે વાત કરી હતી. તેમણે જણાવ્યું કે, હજું સર્ચ ઓપરેશન ચાલું રહેશે કારણ કે, અનેક વિસ્તાર હજું બાકી છે.

તંત્રી લેખ......

# રશિયામાં સતત બીજા વર્ષે ઘઉંનું બમ્પર ઉત્પાદન

રશિયામાં સતત બીજા વર્ષે બમ્પર ઘઉંની લણણી થતાં નંબર એકની નિકાસકાર તરીકેની સ્થિતિને વધુ મજબૂત બનાવી છે. પરંતુ સાથે મોસ્કોના યુક્રેન પરના આક્રમણથી ઊંચકાયેલા ભાવના દબાણને પણ હળવી કરી રહી છે. ક્રેમલિનના યુદ્ધ - નાકાબંધી અને બંદરો પર બોમ્બમારો સહિત - યુક્રેનની ખાદ્ય નિકાસ અવરોધાઈ છે. વૈશ્વિક ઘઉંના બજાર પર રશિયાના વર્ચસ્વને સ્થાપવા સામે યુદ્ધની સ્થિતિ આડે આવી છે. યુદ્ધને કારણે રેકોર્ડ રશિયન શિપમેન્ટ પર નિયંત્રણ આવ્યું છે અને રશિયાના વેપારીઓ આક્રમણ પછી કેટલાક ધિરાણ અને લોજિસ્ટિકલ પડકારોનો સામનો કરી રહ્યા છે.આ પરિસ્થિતિને કારણે ચારે બાજુથી ઘેરાયેલા રશિયાના નાગરીકો માટે સાનુકૂળ સ્થિતિ પણ સર્જી છે અને સ્થાનિકમાં ભાવ લગભગ ત્રણ વર્ષમાં સૌથી નીચા સ્તરે છે. યુદ્ધ સમયની સરખામણીએ વર્તમાન ભાવ ટોચની સરખામણીએ અડધાથી પણ ઓછા સ્તરે ટ્રેડ થઈ રહ્યા છે. રશિયા અત્યારે માલ ભરાવો જેવી સ્થિતિનો પડકાર કરી રહી છે ત્યારે કેટલાક દેશો જેઓ રશિયા સાથે સારા સંબધો ધરાવે છે તેઓ આનો લાભ ઊઠાવી શકે છે એમ જાણકારોનું કહેવું હતું. એશિયાના કેટલાક દેશોમાં પણ ઘઉંનો સપ્લાય વધે તેવી શક્યતા જોવામાં આવે છે. રશિયન ઘઉં માટે ઘણા બધા સ્પર્ધકો નથી, એમ સ્ટ્રેટેજી ગ્રેન્સના અનાજ-બજારના વિશ્લેષક હેલેન ડુફ્લોટે જણાવ્યું હતું.સપ્લાય ભરાવાની સાથે નિરાશાજનક ભાવ સાથે રશિયા તેની પ્રબળ સ્થિતિનો ઉપયોગ કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. આ બાબતથી પરિચિત લોકોના જણાવ્યા અનુસાર, રશિયન અધિકારીઓ નિકાસ માટે અનૌપચારિક ભાવ માળખું લાગુ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. કેટલાક વેપારીઓને ફરીથી વાટાઘાટો કરવા અથવા તો સોદાને રદ કરવાની ફરજ પડી શકે છે. ઓછા ખર્ચે શિપમેન્ટ માટે નિકાસ દસ્તાવેજો આપવાનો ઇનકાર કરીને સરકાર પ્રાઇસ ફ્લોર લાગુ કરી શકે છે, એમ જાણકાર સાધનોનું કહેવું હતું. આ મહિને ઇજિપ્તે જાહેર ટેન્ડરોમાં બિનસત્તાવાર નીચેની કિંમતે ખાનગી સોદામાં રશિયન ઘઉંનો જંગી જથ્થો બુક કર્યો હતો. કેટલાક દિવસો પછી, ઇજિપ્તે કહ્યું કે વેપારીને રશિયા સિવાયના મૂળમાંથી અનાજ સપ્લાય કરવાની મંજૂરી આપવામાં આવશે.

### આચાર્ય લોકેશજીનું પર્યુષણ વ્યાખ્યાનમાળામાં સંબોધન

# આહાર અને આધ્યાત્મિકતા વચ્ચે ઊંડો સંબંધ છે - આચાર્ય લોકેશજી



જૈન ધર્મના સૌથી મહત્વપૂર્ણ તહેવાર પર્યુષણ મહાપર્વની વ્યાખ્યાન શ્રેણીને સંબોધતા અહિંસા વિશ્વ ભારતી અને વિશ્વ શાંતિ કેન્દ્રના સ્થાપક આચાર્ય લોકેશજીએ ભક્તોને સંબોધતા જણાવ્યું હતું કે તપસ્યા એ આત્મશુદ્ધિનું સાધન છે. ભગવાન મહાવીરે મોક્ષના ચાર માર્ગો વર્ણવ્યા છે, જેમાંથી એક તપ છે, તેમના મતે ઉપવાસ વગેરે બાર પ્રકારના નિર્જરા છે જે વિવિધ પ્રકારની તપસ્યા છે.પ્રસિદ્ધ જૈનાચાર્ય લોકેશજીએ જણાવ્યું હતું કે ઉપવાસનો સાચો અર્થ આત્માની નજીક નિવાસ કરવાનો છે. તેમણે કહ્યું કે આહાર અને આધ્યાત્મિકતા વચ્ચે ઊંડો સંબંધ છે. આપણા આચાર, વિચારો, વર્તન અને મૂલ્યો ખોરાકથી પ્રભાવિત થાય છે. ખોરાક માત્ર આપણા શરીરને જ નહીં પરંતુ આપણા મન, બુદ્ધિ, ઇન્દ્રિયો અને આત્માને પણ અસર કરે છે. તેથી જ આપણા ઋષિમુનિઓએ કહ્યું હતું કે ×જેમ અન્ન ખાય છે તેમ મન પણ ખવાય છે×. આધુનિક તબીબી વિજ્ઞાન પણ એ હકીકતને સ્વીકારે છે કે જેમ જેમ આપણે ખોરાક લઈએ છીએ તેમ તેમ આપણા મગજમાં ન્યુરોટ્રાન્સમીટર ઉત્પન્ન થાય છે અને તેના આધારે વ્યક્તિ અન્ય લોકો સાથે વર્તન કરે છે. તેથી, મહાપુરુષોએ આહારને ત્રણ ભાગમાં વહેંચ્યો - તામસિક આહાર, રાજસિક આહાર અને સાત્વિક આહાર.તેજસ્વી વિચારક, મૂળ લેખક અને કવિ હૃદય આચાર્ય લોકેશજીએ વધુમાં જણાવ્યું હતું કે આધ્યાત્મિક અભ્યાસના પ્રવાસીએ રાજસિક અને તામસિક આહારનો ત્યાગ કરવો જોઈએ, કારણ કે રાજસિક અને તામસિક આહાર આપણી ઇન્દ્રિયોને અશાંત, ઉશ્કેરણીજનક અને આક્રમક બનાવે છે જ્યારે સાત્વિક આહાર શરીરને શક્તિ પ્રદાન કરે છે. આ સાથે, તે આધ્યાત્મિક અભ્યાસમાં પણ મદદરૂપ છે.અહિંસા વિશ્વ ભારતીના પ્રવક્તાએ જણાવ્યું કે, પર્યુષણ પર્વ દરમિયાન ૧૨મી સપ્ટેમ્બરથી કાર્યક્રમો શરૂ થયા છે જેમાં ભક્તો મોટી સંખ્યામાં ઉત્સાહભેર ભાગ લઈ રહ્યા છે અને આ કાર્યક્રમો ૧૯મી સપ્ટેમ્બર સુધી ચાલશે.



ગુજરાત પ્રોગ્રેસિવ ડેરી ફાર્મર એસોસિએશન દ્વારા આયોજિત એગ્રીકલ્ચર ** ડેરી એક્સપો (DLP Expo Asia) નો શુભારંભ માન. મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સાહેબના વરદ હસ્તે હેલિપેડ એકઝીબિશન સેન્ટર, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યો. આ અવસરે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયરશ્રી હિતેશભાઈ મકવાણા ઉપસ્થિત રહ્યા અને જણાવ્યું હતું કે આ પ્રદર્શનમાં આધુનિક કૃષિ ** ડેરી ટેક્નોલોજી અંગે વિવિધ કંપનીઓના સ્ટોલ્સ છે, જે રાજ્યના ખેડૂતો અને પશુપાલકોને વૈશ્વિક પ્રવાહોની માહિતી મેળવવામાં ઉપયોગી થશે.




ભારત સરકારના વિજ્ઞાન અને પ્રૌધોગિકી વિભાગ દ્વારા દર વર્ષે "બાલ વિજ્ઞાન પરિષદ" યોજાઈ છે. જે અંતર્ગત આજરોજ ગાંધીનગર જિલ્લા કક્ષાની ૩૧ મી પરિષદ સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર, સેકટર-૧૨ ખાતે યોજાઈ. આ કાર્યક્રમમાં મેયરશ્રી હિતેશભાઈ મકવાણા મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું તેમજ વિજ્ઞાન ક્ષેત્રે ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ પાઠવી હતી. મેયરશ્રી એ જણાવ્યું હતું કે માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જીના "જય વિજ્ઞાન, જય અનુસંધાન" ના સૂત્ર સાથે વિજ્ઞાનક્ષેત્રે આત્મનિભારતનો સંકલ્પ સાકાર થઈ રહ્યો છે.આ કાર્યક્રમમાં ડે. મેયરશ્રી પ્રેમલસિંહ ગોલ, ડૉ. બી.એન.પ્રજાપતિ (જિલ્લા શિક્ષણ અધિકારી), આચાર્યશ્રી ભાવેશકુમાર જાની, ગુજકોસ્ટના અધિકારીશ્રી પાવીત શાહ, કો-ઓર્ડીનેટર નટુભાઈ લાડાણી, નિસર્ગ સાયન્સ સેન્ટરના નિયામક શ્રી અનિલભાઈ પટેલ, શિક્ષકો, વાલીઓ તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.



**આજરોજ નેશનલ પેરામેડિકલ એજ્યુકેશન દ્વારા માન્ય વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાહેબના જન્મદિવસ નિમિત્તે આજ થી શરૂ થઈ રહેલા ગણેશ ચતુર્થી ના પાવન પર્વે ની આપ સૌ ને હાર્દિક શુભકામનાઓ પાઠવી ને સાથે સાથે માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીજી સાહેબના જન્મદિવસ નિમિત્તે ૫૬ ભોગ પ્રસાદ ચઢાવવામાં આવ્યો આયોજક શ્રી નેશનલ પેરામેડિકલ એજ્યુકેશન મેઘાણીનગર બ્રાન્ચ ને ★ગૌતમ મિસ્ત્રી★ (રાષ્ટ્રપતિ પુરસ્કાર સન્માનિત)**



આજરોજ ભારતીય જનતા પાર્ટી, ગાંધીનગર મહાનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસના પુર્ણાહુતિ અવસરે સ્વરૂચી ભોજનનું આયોજન ધોળેશ્વર મહાદેવ જીના મંદિર ખાતે કરવામાં આવ્યું. જેમાં મેયરશ્રી હિતેશભાઈ મકવાણા સહભાગી બનીને કાર્યકર્તાઓ સાથે સહિયારા ભોજનનો આનંદ માણ્યો હતો. મેયરશ્રી એ આગામી સંગઠનાત્મક કાર્યો તથા કાર્યક્રમો અંગે વિગતવાર માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.આ વેળાએ શહેર અધ્યક્ષશ્રી રુચિરભાઈ ભટ્ટ, પદાધિકારીશ્રીઓ, કાઉન્સિલરશ્રીઓ,હોદ્દેદારશ્રીઓ તેમજ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગણેશજીના વિવિધ પ્રતિકો



સામાન્ય રીતે હાથી જંગલમાં રસ્તો બનાવનાર પ્રાણી કહેવામાં છે. હાથી જયારે જંગલમાંથી પસાર થાય છે ત્યારે તે પોતાના મહાકાય શરીરથી અન્ય પ્રાણી માટે રસ્તો બનાવે છે. તેવી જ રીતે ગણેશ ભગવાન કોઈ પણ શુભ કાર્યની પહેલા પૂજવવામાં આવે છે, કારણ કે ગણપતિ કોઈપણ કાર્યમાં આવતા અડચણને દૂર કરીને જીવનમાં આગળ વધવાનો રસ્તો બતાવે છે અને તે માટે આશીર્વાદ આપે છે. ભગવાન ગણેશનું મોટું મસ્તક એ બુદ્ધિ અને શાણપણનું પ્રતિક છે. તે દર્શાવે છે કે, જીવનમાં કોઈપણ પરિસ્થિતિ હોય, તેમાં બુદ્ધિ અને શાણપણ દ્વારા પૂર્ણતા પ્રાપ્ત કરવી જોઈએ. ભગવાન ગણેશનું વિશાળ મુખ દરેક વ્યકિતની જીવન જીવવાની અને પોતાની દરેક ઈચ્છાઓ પૂરી કરવાની ભાવના દર્શાવે છે. ભગવાન ગણેશ એ વિશ્વનાં તમામ ભકતોની પ્રાર્થના સાંભળવા માટે મોટા કાન ધરાવે છે. તેમના મોટા કાન, દરેક વ્યકિત ત્યારે જ સંપૂર્ણ ગણાય જયારે તેની સાંભળવાની શકિત બોલવાની શકિત કરતાં વધુ હોય, તેવું દર્શાવે છે. ભગવાન ગણેશની સૂંઢ દુનિયામાં રહેલી દરેક વસ્તુને પોતાની અંદર સમાવી શકે છે. તેવી જ રીતે, માનવી એ કોઈપણ પરિસ્થિતિના બદલાવ સાથે સમાયોજિત થઈ જવું જોઈએ તેવું દર્શાવે છે. ભગવાન ગણપતિના બંને દાંત કોઈ પણ વ્યકિતની વ્યકિતકત્વના બે પાસઓ દર્શાવે છે : વ્યકિતત્વ અને ભાવનાઓ. જમણી બાજુનો દાંત શાણપણ જયારે ડાબી બાજુનો દાંત વ્યકિતની ભાવનાઓ દર્શાવે છે. ગણેશજીના ડાબી બાજુનો તૂટેલો દાંત એવું દર્શાવે છે કે વ્યકિતએ કોઈ પણ પરિસ્થિતિમાં પોતાની ભાવનાઓને પોતાના પર હાવી ન થવા દેવી જોઈએ. ભાવનાઓ પર કાબૂ રાખીને પરિસ્થિતિનો સામનો કરવો જોઈએ. ભગવાન ગણેશની આંખો કોઈ પણ વસ્તુ હોય તેના કરતાં વધુ મોટી જોઈ શકવાનું મનાઈ છે. જે દર્શાવે છે કે માનવી એ હમેશા માનવું જોઈએ કે પોતે સર્વસ્વ નથી. ભગવાન ગણેશના ચાર હાથ માનવના ચાર મહત્વના આંતરિક ગુણો દર્શાવે છે; મન,બુદ્ધિ,અહંકાર અને ચિત્ત. ભગવાન ગણેશ શુદ્ધ આત્માનું પ્રતિનિધિત્વ કરે છે જે, આપણામાં આ ચાર તત્વોને કાર્યરત કરે છે. સામાન્ય રીતે ભગવાન ગણપતિ એ લાલ અથવા પીળા રંગના કપડાં પહેરેલા હોય છે. પીળો રંગ શાંતિ,સત્યતા,પવિત્રતા અને સંપતિનું પ્રતિક ગણવામાં આવે છે જ્યારે લાલ રંગ દુનિયામાં થતાં કોઈપણ શુભ કાર્યને દર્શાવે છે. આમ, કોઈપણ વ્યકિતએ કોઈપણ શુભ કાર્ય કરવા સમયે પીળા અથવા લાલ રંગના કપડાં પહેરવા જોઈએ.ભગવાન ગણેશનું મોટું પેટ સમગ્ર બ્રહ્માંડનું પ્રતિનિધિત્વ કરે છે.ભગવાન જે ધૈર્યનું પ્રતિક છે. તેમાં સાત સમુદ્ર સમયેલા હોવાનું કેહવામાં આવે છે. જે દર્શાવે છે કે માનવીએ પોતાના સમગ્ર જીવનમાં દરેક સારા ખરાબ અનુભવોને ધૈર્ય દ્વારા સામનો કરવો જોઈએ. ભગવાન ગણપતિનું વાહન ઉંદર છે. જે વ્યકિતના અભિમાનને નિયંત્રણમાં રાખવાનું સૂચવે છે. જેમ ઉંદરને ભગવાન નિયંત્રિત કરે છે,તેમ માનવીએ પોતાના મનને નિયંત્રિત કરવું જોઈએ. ભગવાન ગણેશના પગ પાસે રહેલો ઉંદર જે માથું ઊંચકીને હાથમાં મોદક લઈને બેસેલો દર્શાવવામાં આવે છે તે માનવીના મન અને તેની ઈચ્છાઓને નિયંત્રણમાં રાખવાનું સૂચવે છે. ભગવાન ગણપતિનો જમણો પગ જે ડાબા પગની ઉપર રહેલો હોય છે તે દર્શાવે છે કે માનવીએ સફળતાપૂર્વકનું જીવન જીવવા માટે પોતાની આવડત અને જ્ઞાનનો ભરપૂર ઉપયોગ કરવો જોઈએ અને પોતાની ભાવનાઓ પર કાબૂ રાખવો જોઈએ.

# ગોધણ, ગોધન, ગોધૂલિ : અમારા સમયની એક વાત : જુગલકિશોર




"ગાય રે ગાય, તું મોરી માય;
નિત નિત ડુંગરે ચરવા જાય !"

ગામને પાદર ઘરેઘરેથી સવારમાં જ ગાયો ભેગી થવા લાગતી. તત્કાલ કોઈ એ ગાયટોળાની દેખરેખ રાખનારું ત્યાં હાજર હોય જ એવું નહીં. વહેલી સવારે નિરણ કરેલું હોય ને વાછરુંને પણ ધવડાવીને દૂધ દોહવાઈ ગયું હોય એટલે ગાયને ખીલેથી છોડી દેવાય એટલે સીધી પાદરે જઈને ગામ આખાની બીજી બહેનપણીઓ સાથે જોડાઈ જાય. ને પછી ગોવાળ આવે ત્યાં સુધી પેટમાં ગોળા વાળીને મૂકી રાખેલા કૉળિયાને વાગોળવાનું ચાલે.

વચવચમાં પોદળા થાય તેને ઝડપીને સંઘરી લેવા માટે ગામની કુમારીકાઓ દોડાદોડી કરતી હોય. તગારાં તો ક્યાં હતાં એ ટાણે – સુંડલામાં ભેગું થયેલું છાણ એ કુમારીકાઓની તે દિવસની કમાણી હતી. મોટી ઉંમરની બહેનો પણ આમાં સક્રીય હોય. કોઈ છોકરી દૂરથી જોઈ જાય કે કોઈ ગાય પોદળો કરે છે, તો "ભાળ્યો છે", "મારો છે" કે પછી "પેલી રાતડી કરે છે !" એવો સાદ જેણે પહેલા કર્યો હોય તેની માલિકી તે પોદળાની ગણી લેવાતી ! પોદળામાં ખુતાડેલું સાંઠિકડું પણ માલિકીહક દર્શાવતું. સાંઠિકું ખુતાડેલા પોદળાને કોઈ બીજું ન જ લે તેવો વણલખ્યો ને પ્રામાણિક કાયદો હતો !

કુમારીકાઓ પોદળામાંથી નાના છાણા જેવા આકારનો કુબો બનાવીને વચ્ચે એક મોટો કાંકરો મૂકીને જોરથી કુબાને ઊંધો કરીને પછાડે. કુબો જમીન પર પડતાં જ ફૂટે ! વચ્ચેના કાંકરાની સાઈઝ અને પછાડવાની રીતના આધારે એ કુબાની વચ્ચોવચ મોટું કાણું પડી જાય.....સામે રમતી છોકરીએ તે કાણાની જગ્યા પુરાઈ જાય તેટલું છાણ એ ફૂટેલા કુબામાં ભરી આપવાનું.....છાણના આ જુગારમાં છોકરીઓ છાણ જીતીને લઈ જતી.

ગાયધણ સાથેની આ રોજિંદી બાબત હતી. એ સમયે છોકરીઓને ભણવાકારવવાની ચિંતા ગાયગોબરની રમતોથી વધુ ન હતી. છાણાં થાપવાની પણ આવડત હતી. સહેજસાજ ધૂળ ભેળવીને થપાતાં છાણાં વાડામાંની જમીન પર કે પછી દીવાલો પર ચોટાડી દેવાતાં. સુકાઈને આપોઆપ ખરી પડે તો ઠીક નહીં તો જાળવીને ઉખાડવાનાં રહેતાં. (પાદરે કે ખેતરે ખાસ કરીને ગાયનો પોદળો આપોઆપ સૂકાએલો મળે તો એને 'અડાયું છાણું' કહેવાતું, જે હવન માટે યોગ્ય ગણાતું.)

આ જ છાણાંનો ઢગલો એક સંપત્તી ગણાતી. છાણાં તો નાજુક ચીજ. એને ઢગલે રખાય નહીં, તુટી જાય. એટલે ચોરસ આકારમાં ચોગઠા આકારમાં ગોઠવાતાં. એક ઉપર બીજી એમ દસબાર છાણાંથી લઈને પંદરવીસની ગોઠવણીથી થતા આ વ્યવસ્થિત ઢગલાને "(છાણાંનું)મોઢવું" કહેતા. આખું વરસ ચાલે એટલાં છાણાં બળતણ માટેની વ્યવસ્થા હતી. ખેડુત લોકોનાં ઘરનાં આ કામમાં ભાગ્યે જ જોડાતાં. એમનાં ઢોરાંમાં ગાયો ઉપરાંત બળદો ને ક્યાંક ભેંસો પણ હોય તે સૌનું છાણ તો ખેતરના અન્ય કચરાની સાથે સોનખાદરૂપે ભેગું કરાતું.

હોળીના દિવસો અગાઉ ગામના મોટી ઉંમરના છોકરાઓ ને યુવાનો આ મોઢવા ઉપર નજર રાખે. છાણાંનો માલિક મોઢવાની ચોકી કરે ! છતાં હોળીના ઘેરૈયા લાગ મળે એટલે ગામ આખામાંથી ચોરીચોરીને ગામપાદરે છાણાં ખડકીને હોળીની તૈયારી કરે. દરરોજ ચોરાયેલાં છાણાંની ગોઠવણીની સાથે સાથે જ યુવાનો ગામનો ઉતાર હોય તેમને ગાળો પણ બોલે. ચોરી અને ગાળો આ દિવસોમાં સહજ બાબતો હતી – અષ્ટમીના જુગારની જેમ ?!

ગાય, ગાયનું સવારે ભેગું થતું ધણ, સાંજે ગોધૂલિ ટાણે હમ્ભા હમ્ભા કરતી ભૂખ્યાં થયેલાં વાછરુંને ધવડાવવા તત્પર એવી દોડતી ગાયોનું ગોરજ ઉડાડતું દૃષ્ય – અનિવાર્યપણે સંકળાયેલું રહેલું સંસ્કારધન હતું. એણે, નહીં ફક્ત ગાયો માટે, પણ ગ્રામીણ જીવનની કેટલીક અવિનાભાવી સંબંધે સંઘરાયેલી સંસ્કૃતિને આજીવન જોડેલી રાખી છે.

આજે અચાનક જ આ ગાય કિ–બોર્ડે સજીવન થઈને ટેરવાંને પ્રેરણા આપી ગઈ.....

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




NOG SS NO:153 વિષય: "મળ્યા ની મોજ" શીર્ષક:"મન મળ્યા ની મોજ"
પ્રકાર:પધ્ય. શબ્દો:૧૨૭
લેખક નું નામ: જિતેન્દ્ર શાહ. શરુઆત
કરું છું મારાં દિવસ ની હું રોજ,
માનું છું પોતાનાં તેની સાથે મળ્યા ની મોજ.
સૌથી પ્રથમ કરું મારી અર્ધાનિંગીની ખોજ,
જે ઊઠી જાય છે વહેલાં મારાં કરતાં રોજ.
પછી શોધું છું હું મારાં બાળકો ને કે જે
રજાઈ માં પોઢી ગયાં છે લઈ ઉંઘ નો બોજ,
કાલી-ઘેલી વાતો કરી ને ઊઠાડું છું હું,
હાથ માં લઈ બે ગ્લાસ બોર્નવીટાનો ડોઝ.
પછી શોધું છું મારાં માતા-પિતા ને બાળકો
સાથે ઘરમંદિર માં પગે લાગવાં રોજ.
પછી બધાં સાથે આવીએ છીએ અમારાં બ્રેકફાસ્ટ માટે અમારી રસોડાં ની લોજ.
જેની શરુઆત સારી તેનો અંત પણ સારો,
એવું કહી ગયાં છે આપણાં સંત એમ સમજી રોજ કરીએ છીએ "મન મળ્યાં ની મોજ."

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS No: 120
પ્રકાર: હાઈકુ
વિષય : મળ્યા ની મોજ
શીર્ષક : મળ્યા ની મોજ
શબ્દો : ૬૪
નામ : ડૉ રમીલાબેન ડી મકવાણા (રમા)
લાડુલા તા ભાભર જિ બનાસકાંઠા

★હાઈકુ★

(૧)
સફર સારી
કરો જીવનમાં સૌ
મળ્યા ની મોજ...

(૨)
જીવન નૈયા
મઝધારે વહાવો
મળ્યા ની મોજ...

(૩)
આપણી સાથ
વિધવિધ સ્વરૂપો
મળ્યા ની મોજ...

(૪)
મારા બાળકો
શાળા ગૌરવ એ
મળ્યા ની મોજ...

(૫)
મારું જીવન
કર્તવ્ય પરાયણ
મળ્યા ની મોજ...

(૬)
રહો તૈયાર
જીવનમાં સાર્થક
કરવા મોજ...

(૭)
સફળ રહો
તમારા જીવનમાં
મળ્યા ની મોજ...

(૮)
મળીયા તમે
લખવાને પ્રેરાઈ
મળ્યા ની મોજ...

(૯)
કૃપા વર્ષાવી
રાવલ પરિવારે
મળ્યા ની મોજ...

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS No: 158
પ્રકાર: પદ્ય
વિષય : મળ્યાની મોજ
શીર્ષક : જીંદગીમાં મળ્યાની મોજ
શબ્દો : ૧૪૪
નામ : પાલજીભાઈ રાઠોડ 'પ્રેમ' સુરેન્દ્રનગર

મળી જાય છે મન જ્યાં લાગણીના વ્હાલ હોય, પછી ભલે એ સંબંધને કોઈ નામ ન હોય.
સંબંધની ધરતી પર વિશ્વાસ વરસે,
એમાંથી જ સ્નેહની સોડમ પ્રસરે.!

મળવાની તડપ તો જુઓ અમે ભાન ભૂલ્યાં, શોધ્યાં દરેક રસ્તે મંજિલે રાહ સામ મળ્યા.
એક વાત તો છે પ્રેમ જિંદગી બદલી નાંખે,
મળે તો પણ અને ન મળે તો પણ.!

જ્યારે તારી આંખોમાં જોયું એક ઉખાણું મળ્યું, તરતાં તો ન આવડ્યું ડૂબવાનું એક ઠેકાણું મળ્યું.
સુખમાં તમારા મનગમતા હાજર હોય,
દુ:ખમાં તમે જેના ગમતાં એ હાજર હોય.!

તમે સમજો છો એવો આ સરળ રસ્તો નથી, જેને ચાહો અને મળી જાય પ્રેમ એટલો સસ્તો નથી.
સ્મિત કરો છો દિલને અવસર જેવું લાગે,
મુજને બે ચાર પળ જીવતર જેવું લાગે.!

હોય લાખો ગમ ભલે એ ગમનો મુજને કંઈ ગમ નથી,
આપ શ્વાસે શ્વાસમાં છો એ ખુશી કંઈ કમ નથી.
મુલાકાત ભલેને ન થાય ,
નજીક હોવાનો અહેસાસ થાય.!

મનપસંદ વ્યક્તિ સાથે થતી થોડી વાતચીત, આખો દિવસ ખુશ રહેવા માટે કાફી હોય છે.

'પ્રેમ' જીતીને ઝૂકીએ અને હારીને હસીએ,
જિંદગી મળ્યાંની એજ સાચી મોજ!

# શ્રી નરસિંહ સેવા સદન પિતામપુરા ખાતે રાષ્ટ્રીય પંચગવ્ય-આયુર્વેદ ચિકિત્સા સેમિનારનું આયોજન થયું



વિશ્વના સૌથી મોટા ગાય આશ્રય સ્થાન શ્રી ગોધામ મહાતીર્થ પથમેડા લોક પુણ્યર્થ ન્યાયના સ્થાપક ગૌ ઋષિ સ્વામી શ્રી દત્ત શરણંદ મહારાજની હાજરીમાં શ્રી નરસિંહ સેવા સદન પીતમપુરા ખાતે રાષ્ટ્રીય ×પંચગવ્ય- આયુર્વેદ ચિકિત્સા પરિસંવાદ× નું આયોજન કરવામાં આવ્યું હતું. સેમિનારમાં વિશેષ અતિથિ તરીકે સેન્ટ્રલ કાઉન્સિલ ફોર રિસર્ચ ઈન આયુર્વેદિક સાયન્સ (સી.સી.આર.એ.એસ), ભારત સરકાર (નવી દિલ્હી)ના ડાયરેક્ટર જનરલ ડૉ. આર. એન. આચાર્યએ સંબોધન કરતાં જણાવ્યું હતું કે પંચગવ્ય એ આયુર્વેદનો સાર છે.

પંચગવ્યથી તમામ રોગોની સારવાર શક્ય છે. આજે વિશ્વની સૌથી મોટી જરૂરિયાત પંચગવ્યની છે. એન્ટિબાયોટિક્સે શરીર પર કામ કરવાનું બંધ કરી દીધું છે, જ્યાં પહેલા એક ગોળી આપવામાં આવતી હતી, આજે એક સાથે ત્રણ ગોળી આપવી પડે છે. આ રાષ્ટ્રીય સેમિનારનું આયોજન ડૉ. મનુભાઈ ગૌર, ડાયરેક્ટર સી.બી.પી આયુર્વેદ ચરક સંસ્થાન, દિલ્હી સરકારનાં ડૉ. નિરંજન વર્મા, પંચગવ્ય વિદ્યાપીઠમ કાંચીપુરમનાં સ્થાપક ડૉ. નિરંજન વર્મા, વિશ્વ આયુર્વેદ પરિષદના રાષ્ટ્રીય મહાસચિવ ડૉ.સુરેન્દ્ર ચૌધરી, સેવા શિક્ષણ સંસ્થાન, હિમાચલ પ્રદેશના પ્રમુખ વૈદ્ય રાજેશ કપૂર, વરિષ્ઠ આયુર્વેદિક ડૉક્ટર અને વિઝિટિંગ ફેકલ્ટી, કેલિફોર્નિયા આયુર્વેદ કોલેજનાં ડૉ.અખિલેશ શર્મા, સી.સી.આર.એ.એસ, નવી દિલ્હીના સંશોધન અધિકારી ડો.વિનોદ લાવાણિયા, ઓલ ઈન્ડિયા ઈન્સ્ટીટ્યુટ ઓફ આયુર્વેદના ડો.પ્રશાંત ગુપ્તા અને દેશના ટોચના આયુર્વેદ તજજ્ઞો જેવા કે ડૉ. સુભાષ સાહુ, પંચગવ્ય ચિકિત્સા શાસ્ત્રી - જેઓ પ્રતિષ્ઠિત યુનિવર્સિટીઓ અને સંસ્થાઓમાંથી ઉચ્ચ શિક્ષિત અને પ્રશિક્ષિત છે તેમણે જણાવ્યું કે પંચગવ્ય માનવ જીવન માટે કેટલું ઉપયોગી અને ફાયદાકારક છે. તેમણે આ વિષયનું વિગતવાર વર્ણન કર્યું. તમામ વક્તાઓએ જણાવ્યું હતું કે ગાયમાંથી મેળવેલું પંચગવ્ય માનવ કલ્યાણ અને આરોગ્ય માટે ઔષધીય ગુણોનો ખજાનો છે. આ ગાય માતાની મનુષ્યને ભેટ છે. પંચગવ્ય એ દેશી ગાયમાંથી મેળવેલી પાંચ વસ્તુઓનું સંયોજન છે. આમાં ગોદુગ્ધ (દૂધ), ગો દૂધ-દહીં, ગોમય (ગોબર), ગોર્ધ્ત (ઘી) અને ગૌમૂત્ર (મૂત્ર)નો સમાવેશ થાય છે. પંચગવ્યથી વિવિધ પ્રકારના જટિલ અને અસાધ્ય રોગોનો સંપૂર્ણ ઈલાજ કરી શકાય છે. તેના યોગ્ય ઉપયોગથી શરીરની રોગપ્રતિકારક શક્તિ વધે છે. ગૌમૂત્ર એ પૃથ્વી પરનું શ્રેષ્ઠ આરોગ્ય ટોનિક છે જે એન્ટી બાયોટિક છે. તે રોગપ્રતિકારક શક્તિ વધારીને શરીરને સ્વસ્થ રાખે છે. કેન્સર, ડેન્ગ્યુ, સ્વાઈન ફ્લૂ, ડાયાબિટીસ અને અન્ય અનેક રોગોનો ઉકેલ પંચગવ્યમાં સમાયેલો છે. તે ખેતીમાં કેવી રીતે ઉપયોગી છે? આ તમામ મહત્વના મુદ્દાઓ પર પંચગવ્ય ચિકિત્સા અને આયુર્વેદના નિષ્ણાતો દ્વારા ચર્ચા કરવામાં આવી હતી. તેમના જ્ઞાન, સંશોધન અને અનુભવોના ભંડારમાંથી લાભ મેળવ્યો. ઈવેન્ટના મીડિયા કોઓર્ડિનેટર મનોજ ગોયલ ગુડિયાનિયાએ જણાવ્યું હતું કે ઈવેન્ટ ખૂબ જ ગૌરવપૂર્ણ અને માહિતીપ્રદ હતી. કાર્યક્રમનું કાર્યક્ષમ સ્ટેજ મેનેજમેન્ટ કાર્યક્રમ સંયોજક, વરિષ્ઠ સામાજિક કાર્યકર અને ગાય ભક્ત ડૉ. નરેશ શર્મા કામધેનુ ટ્રસ્ટનાં સેમિનારનાં આયોજન અને સંકલનમાં ગ્લોબલ કન્ફેડરેશન ઓફ કાઉ બેઝ્ડ ઈન્ડસ્ટ્રી (જી.સી.સી.આઇ.) દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ ગાયની સેવા અને સંરક્ષણ મુદ્દે ચર્ચા કરવાનો હતો. મંચ દ્વારા સરકાર પાસે પંચગવ્યમાં એમડી અને પીએચડી કોર્સ શરૂ કરવાની માંગણી પણ કરવામાં આવી હતી. કાર્યક્રમમાં આવેલા તમામ મહેમાનોનું સ્વાગત ગાયમાતાના સ્મૃતિ ચિહ્નો આપીને સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં ગ્લોબલ કન્ફેડરેશન ઓફ કાઉ બેઝ્ડ ઈન્ડસ્ટ્રી (જીસીસીઆઈ) ના પુરીશ શ્રીવાસ્તવ, ગોધામ પથમેડાના વૈદ્ય શ્યામસિંહ રાજપુરોહિત, ભારતીય ધરોહર, કામધેનુ ટ્રસ્ટ જેવી ભારતની પ્રખ્યાત સંસ્થાઓ તરફથી પ્રશંસનીય સહકાર મળ્યો હતો. આ પ્રસંગે દયાનંદ સરસ્વતી મહારાજ, રવીન્દ્રાચાર્ય મહારાજ, બલદેવદાસ મહારાજ, ગોપેશ મહારાજ, વિઠ્ઠલ કૃષ્ણ મહારાજ, સીતારામ મહારાજ, ગૌ સેવા આયોગ હરિયાણાના અધ્યક્ષ શ્રવણ ગર્ગ, પૂર્વ અધ્યક્ષ ભાનીરામ મંગલા, હરિયાણા વેપારી કલ્યાણ બોર્ડના અધ્યક્ષ બાલ્કિશન અગ્રવાલ, રઘુનાથ સિંહ રાજપુરોહિત, આલોક સિંઘલ, કાર્યક્રમના મીડિયા સંયોજક મનોજ ગોયલ ગુડિયાનિયા,

## કેવડા ત્રીજ




સ્ત્રીઓના તહેવારોમાં કેવડાત્રીજનુ વ્રત મુખ્ય છે. આ વ્રત ભાદરવા માસના શુક્લ પક્ષના ત્રીજના દિવસે કરવામાં આવે છે. તે દિવસે ત્રીજહસ્તિ નક્ષત્ર યુક્ત હોય છે અને તે દિવસે વ્રત કરવાથી બધા ફળોની પ્રાપ્તિ થાય છે. આ વ્રત સ્ત્રીઓને સૌભાગ્ય આપવા અને તેમનાસૌભાગ્યની રક્ષા કરનારુ છે.

દેશમાં લગભગ બધી જ જગ્યાએ આ વ્રત કરવામાં આવે છે. આ દિવસે શંકર અને પાર્વતીની શાસ્ત્રમાં બતાવેલ વિધિ મુજબ વિશેષ રૂપેપાર્થિવ પૂજા કરવામાં આવે છે. સ્ત્રીઓ આ દિવસે નિર્જળ ઉપવાસ કરે છે અને સાંજે વિધિપૂર્વક શિવ-પાર્વતીની પૂજા આરતી અનેકેવડાત્રીજના વ્રતની કથા સાંભળે છે. તે શિવને પ્રાર્થના કરે છે કે મારો પતિ દીર્ઘાયુ બને. મારો સુહાગ અમર રહે. રાત્રે પણ તે પાણી પણપીતી નથી. વહેલી સવારે સ્નાન-પૂજા કરી સૂર્યોદય પછી તે પારણા કરે છે અને ઉપવાસ તોડે છે. કુંવારી છોકરીઓ આ વ્રત દ્વારા એવુમાંગે છે કે તેમનો ભાવિ પતિ સુંદર અને સુયોગ્ય હોયત્રીજના એક દિવસ પહેલા વિવાહિત સ્ત્રીઓ પોતાના હાથોમાં મહેંદી મુકે છે. આ પ્રસંગે ગવાતા ગીતો મધુર, ગુણયુક્ત અને મુખ્ય રીતેપતિ, સાસરિયું અને પિયરથી સંબંધિત હોય છે. આ ગીત વર્ષા સંબંધી પણ હોય છે. આ વ્રતનુ વર્ણન શિવ-પાર્વતીના સંવાદના રૂપમાં ભવિષ્ય-પુરાણના ઉત્તરભાગમાં મળે છે.

કેવડાત્રીજ વ્રતની વિધિ- ભાદરવા માસની અજવાળી ત્રીજે સૂર્યોદય પહેલા સ્નાનાદિ વગેરેથી પરવારીને ભગવાન શીવની કેવડાથી પુજાકરવી. ઘરને સુંદર રીતે શણગારવું. આખો દિવસ નકોરડો ઉપવાસ કરવો. વારંવાર કેવડો સુંઘી શીવનું સ્મરણ કરવું. શીવ પાર્વતીનીપુજા કરવી અને વાર્તા સાંભળવી.

કેવડાત્રીજ વ્રત કથા

એક વખતે ભગવાન શીવ અને પાર્વતી વાતો કરી રહ્યાં હતાં. ત્યારે વાત વાતમાં પાર્વતીએ પુછ્યું કે હે ભોળાનાથ દક્ષ પ્રજાપતિના યજ્ઞમાંમારા દેહની આહુતિ આપ્યાં પછી જ્યારે મે ફરીથી અવતાર ધારણ કર્યો ત્યારે તમને પામવા માટે મે કયું વ્રત કર્યું હતું તેની તમને જાણ છે?

ત્યારે ભોલાનાથે કહ્યું- હે દેવી! તો સાંભળો... બીજો અવતાર ધારણ કર્યો પછી તમે નાનપણથી જ મારૂ રટણ કરતાં હતાં. એક વખતેનારદમુનિએ તમારા પિતા હિમાલયની આગળ મારી ખુબ જ પ્રશંસા કરી ત્યારે તમે મનોમન ખુબ જ ખુશ થયાં હતાં. પરંતુ નારદજીએતમારા લગ્ન વિષ્ણું ભગવાન સાથે કરવા કહ્યું હતું ત્યારે તમે નારદ પર ખુબ જ ગુસ્સે થયાં હતાં.

તમારા પિતા જ્યારે તમારા વિવાહ વિષ્ણુ સાથે કરવાનો વિચાર કરી રહ્યાં હતાં ત્યારે તમે મનોમન ખુબ જ મુંઝાયા અને તે મુંઝવણ દૂરકરવા માટે તમે તમારી સખી સાથે વનમાં ચાલ્યાં ગયાં હતાં. વનમાં તમે એક માટીનો ઢગલો જોયો અને બાળકની જેમ તમે તે માટીનાઢગલા સાથે રમવા લાગ્યાં હતાં. તમારૂ રોમે રોમ મારૂ રટણ કરતું હોવાથી તમે બેધ્યાનપણે મારૂ શીવલીગ બનાવી દીધું હતું અને ત્યારબાદ તમે વનમાંથી કેવડો અને બીજા વનફૂલો તેમજ અન્ય વનસ્પતિ લાવીને મને ખુબ જ ભાવ પૂર્વક ચડાવ્યાં હતાં. તે દિવસે ભાદરવામાસની અજવાળી ત્રીજ હતી. વળી તે દિવસે તમે આખો દિવસ કાંઇ પણ ખાધા પીધા વિના નકોરડો ઉપવાસ કર્યો હતો. પાણી પણ પીધુંનહોતુ. આમ તો મને કેવડો નથી ચડતો પરંતુ તમે ખુબ જ ભાવમાં આવીને મને તે દિવસે કેવડો ચડાવ્યો હતો. તેથી હુ તમારા પર પ્રસન્નથયો હતો અને તમને વરદાન માંગવા કહ્યું હતું. ત્યારે તમે કહ્યું હતું કે-

હે ભોળાનાથ! જો મે ખરા ભાવથી તમારી ભક્તિ કરી હોય અને રોમે રોમથી તમારૂ જ રટણ કરતી હોય તો તમે જ મારા પતિ બનો. અને મેતમને તથાસ્તું કહી દિધું હતું.

તમે આખી રાત જાગવાને કારણે અને ભુખને કારણે ખુબ જ થાક્યા હોવાથી સુઈ ગયાં હતાં. જ્યારે તમારા પિતા તમને શોધતાં શોધાતાંતમારી પાસે આવ્યાં ત્યારે તમને જંગલમાં સુતા જોઈને તેઓ ખુશ થયાં હતાં. અને તમને પોતાની સાથે આવવા માટે કહ્યું ત્યારે તમે વિનાસંકોચે તેઓને કહી દિધું હતું કે તમે શુધ્ધ મનથી મને વરી ચુક્યાં છો.હે દેવી તમે અજાણતાથી કેવડા વડે મારી પુજા કરી હતી અને આખો દિવસ ઉપવાસ કર્યો હતો તે વ્રતના પ્રભાવથી તમારા પિતા માનીગયાં હતાં અને તમારા લગ્ન મારી સાથે કરાવી આપ્યાં હતાં. હે દેવી આમ તો મારી પુજા બિલિપત્રથી જ થાય છે પરંતુ જે દિવસથી તમેકેવડો ચડાવ્યો ત્યારથી કેવડો પણ મને પ્રિય છે અને ભાદરવા માસની અજવાળી ત્રીજે જે કોઇ ભુખ્યાં પેટે અને પ્રસન્ન ચિત્તથી કેવડા વડેમારી પુજા કરશે તેના બધા જ મનોરથ પુર્ણ થશે.

**રેખા શુક્લ.અમેરિકા**

# બોધકથા:હંમેશાં સકારાત્મક ભાવ રાખો..

બીજાના માટે અમારા મનમાં જેવો ભાવ હોય છે તેવો જ ભાવ સામાવાળાના મનમાં આવે છે.આ એક મનોવૈજ્ઞાનિક સત્ય છે.આ વિશે એક ઐતિહાસિક ઘટના જોઈએ.

એકવાર રાજા ભોજની સભામાં એક વેપારી આવે છે.રાજાએ વેપારીને સામેથી આવતાં જોયો તે જ સમયે રાજાના મનમાં વિચાર આવ્યો કે આ વેપારીનું સર્વસ્વ લઈ લેવામાં આવે.વેપારીના ગયા પછી રાજા વિચાર કરે છે કે હું હંમેશાં પ્રજાને ન્યાય આપું છું.આજે મારા મનમાં વેપારીના પ્રત્યે આવો અન્યાયપૂર્ણ ભાવ કેમ આવ્યો કે આ વેપારીનું બધું જ લૂંટી લેવું..!

રાજાએ પોતાના મંત્રીને આ પ્રશ્ન કર્યો તો મંત્રીએ કહ્યું કે આપના પ્રશ્નનો યોગ્ય અને સાચો જવાબ હું આપશ્રીને અઠવાડીયા પછી આપીશ.રાજાએ મંત્રીની વાત સ્વીકારી લીધી.મંત્રી વિલક્ષણ બુદ્ધિનો હતો તે સીધો વેપારીને મળવા માટે પહોંચી જાય છે.વેપારી સાથે મિત્રતા કરીને પુછે છે કે તમે તો ચંદનનાન લાકડાના વેપારી છો તેમ છતાં તમે આટલા બધા ચિંતિત અને દુ:ખી કેમ છો?

ત્યારે વેપારી કહે છે કે આ ધારાનગરી સહિત હું ઘણા નગરોમાં ચંદનના લાકડાઓની ગાડીઓ ભરી વેચવા માટે ફરૂં છું તેમ છતાં ચંદનના લાકડાનું વેચાણ થતું નથી.મારી મોટાભાગની મૂડી આ ચંદનના લાકડાની ખરીદીમાં રોકાયેલા છે એટલે હવે આ નુકશાનથી બચીને નીકળવાનો કોઈ ઉપાય નથી.

વેપારીની વાત સાંભળીને મંત્રીએ પુછ્યું કે શું હવે તેના માટે કોઈ રસ્તો નથી? ત્યારે વેપારી હસીને કહે છે કે જો રાજાભોજનું મૃત્યુ થાય તો તેમના દાહ સંસ્કાર માટે મારા તમામ ચંદનના લાકડા વેચાઈ જાય તેમ છે.

મંત્રીને રાજાના પ્રશ્નનો જવાબ મળી ગયો.બીજા દિવસે મંત્રીએ વેપારીને કહ્યું કે તમે આજથી રાજાના ભોજન બનાવવા માટે દરરોજ ચાલીસ કિલો ચંદનના લાકડા મોકલજો અને તેના પૈસા રોજ રોકડા લઈ લેજો.મંત્રીનો આવો આદેશ સાંભળીને વેપારીને ઘણી ખુશી થાય છે.હવે તે રાજાના લાંબા આયુષ્ય માટે પ્રાર્થના કરે છે.

એક દિવસ રાજસભા ચાલી રહી હતી તે સમયે વેપારી ત્યાં આવે છે તો રાજા વિચાર કરે છે કે કેટલો આકર્ષક વ્યક્તિ છે તેને શું પુરસ્કાર આપી શકાય? રાજાએ મંત્રીને બોલાવ્યા અને પુછ્યું કે મંત્રીવર.. આ વેપારી જ્યારે મારી રાજસભામાં આવ્યો હતો ત્યારે તેના વિશે મેં આપને કંઈક પુછ્યું હતું તેનો જવાબ તમે આજદિન સુધી આપ્યો નથી.આજે જ્યારે મેં તેને જોયો તો મારા મનના ભાવ જ બદલાઈ ગયા છે.ખબર નથી પડતી આજેઆજે હું તેના ઉપર આટલો ખુશ કેમ થઈ રહ્યો છું? અને તેને ઈનામ આપવા ઈચ્છું છું?

મંત્રીને તો આ જ ક્ષણની પ્રતિક્ષા હતી એટલે તેમને કહ્યું કે મહારાજ ! આપના બંન્ને પ્રશ્નોના જવાબ આજે હું આપીશ.જ્યારે વેપારી પ્રથમવાર રાજસભામાં આવ્યા ત્યારે તેને પોતાના ઘણા બધા ચંદનના લાકડા વેચવાની ચિંતા હતી અને તે વિચારતો હતો કે રાજાનું મૃત્યું થાય તો મારા તમામ ચંદનના લાકડા વેચાઈ જાય.હવે આપના ભોજન બનાવવા માટે દરરોજ વીસ કિલો ચંદનના લાકડા તેની પાસેથી ખરીદવામાં આવી રહ્યા છે એટલે હવે આ વેપારી આપના લાંબા આયુષ્ય માટે પ્રાર્થના કરે છે અને તે કારણોસર પહેલાં આપ તેને દંડીત કરવા ઈચ્છતા હતા અને અત્યારે ઈનામ આપવા ઈચ્છો છો.

આપણી જેવી ભાવના હોય છે,અમે બીજાના વિશે જેવું વિચારતા હોઈએ છીએ તેનું જ પ્રતિબિંબ સામાવાળાના મન ઉપર પડતું હોય છે.અમે જેવા હોઈએ છીએ તેવી જ પરિસ્થિતિ અમોને પોતાની તરફ આકર્ષિત કરે છે.અમારા જેવા વિચારો હોય છે તેવા જ લોકો અમોને મળે છે-આ જ આ જગતનો નિયમ છે.અમે જેવું વાવીએ છીએ તેવું જ ફળ અમોને મળે છે.અમે બીજાઓના માટે મનમાં જેવા ભાવ રાખીએ છીએ તેવા જ ભાવ બીજાઓ અમારા માટે રાખતા હોય છે,એટલે આ વાર્તામાંથી અમોને એ જ શિક્ષા મળે છે કે હંમેશાં બીજાઓના પ્રત્યે હંમેશાં સકારાત્મક ભાવ રાખવો જોઈએ..

સંકલન: કુમારી નિતૂં સૈની

## મિચ્છામિ દુક્કડમ

**કરવા ખાતર ના આ કાજ કરજો**

**કરવાં ખાતર ના આ કાજ કરજો**
**સાચે સાચું જ સૌને માફ કરજો**

**દુભાવ્યા હોય તેને અશ્રુથી ધોઈ**
**એ રીતે નિજ હૃદયને સાફ કરજો**

**જીતવાં જેવું દિલ જ છે આ જગમાં**
**સરળ સહજ બની ત્યાં રાજ કરજો**

**માફી આપવી એ તો છે વિરનું કામ**
**માફી માંગી મહાવીર રિવાજ કરજો**

**જે કર્મની માફી માંગી કર્મ તે ત્યજજો**
**રાગ,દ્વેષ,મોહ,મત્સરથી લાજ ભરજા**

**જાણતાં સાથે અજાણતાંય થાય પાપ**
**ક્ષમા માંગી અશુભોને તારાજ કરજો**

**મિચ્છામિ દુક્કડમ નો આજીવન અમલ**
**આચરણ થકી સદા આ જાપ કરજો**
**-મિત્તલ ખેતાણી**

# ડાંગ જિલ્લા માં આવેલ બસ ડેપોની હલાત જોવા જેવી કોઈ ધ્યાન આપવાવાળું નથી



ડાંગ જિલ્લાનાં બસ સ્ટેન્ડનાં શૌચાલયની હાલત ખુબજ ખરાબ ગંદકી હોવાથી મુસાફરોમાં રોષનો માહોલ જોવા મળી રહ્યો છે. છતા જવાબદાર એસ.ટી. તંત્ર ડાંગ જિલ્લાનાં બસ સ્ટેન્ડનાં શૌચાલયની હાલત ખુબજ ખરાબ ગંદકી હોવાથી મુસાફરોમાં રોષનો માહોલ જોવા મળી રહ્યો છે. છતા જવાબદાર એસ.ટી. તંત્ર દ્વારા આંખ આડા કાન કરાતા હોવાથી મુસાફરોમા ભારોભાર રોષ ભભૂકી ઉઠયો છે. દરરોજના હજારો મુસાફરો એસ.ટી.મા મુસાફરી કરતા હોય છે. પરંતુ આહવા બસ સ્ટેન્ડમા સુવિધાનો ભારે અભાવ જોવા મળે છે. જે છે તે પણ યોગ્ય કહી શકાય તેવી નથી.

આહવા ખાતે આવેલ બસ સ્ટેશનમાં બનાવેલ જાહેર શૌચાલય ગંદકી એ માઝા મુક્તા બસ ડ્રાઈવર અને કંડક્ટર સહિત મુસાફરોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવાની નોબત ઉભી થઈ છે.

છતા તંત્રના પેટનુ પાણી પણ હાલતુ નથી. એક તરફ સરકાર એસટી પાછળ કરોડોના બજેટની ફાળવણી કરે છે. પરંતુ ક્યાક અધિકારીઓના આયોજનના અભાવે મુસાફરોને સુવિધાને બદલે દુવિધા ભોગવવાનો વારો આવતો હોઈ છે.

અહિંયા નથી પાણી કે નથી યોગ્ય શૌચાલયની સુવિધા. શૌચાલયમા પ્રવેશતા જ જાણે બાથરૂમ વર્ષોથી સાફ નાં કરવામાં આવેલું હોઈ એવી ગંદકી ઉભરી આવતી હોઈ છે.

જેના કારણે મુસાફરોને પાછા ફરવાનો વારો આવે છે. અનેક રજુઆત છતા કોઈ કામગીરી કરાતી નથી. દુવિધાથી ઘેરાયેલા આ આહવાનાં બસ સ્ટેન્ડમા બેસવા કોઈ મુસાફર રાજી નથી. પરંતુ ના છુટકે મુસાફરોને બેસવુ પડે છે. ત્યારે એસટી તંત્ર પાણી અને સારુ શૌચાલયની સુવિધા મળી રહે તે જરૂરી બન્યુ છે. દ્વારા આંખ આડા કાન કરાતા હોવાથી મુસાફરોમા ભારોભાર રોષ ભભૂકી ઉઠયો છે. દરરોજના હજારો મુસાફરો એસ.ટી.મા મુસાફરી કરતા હોય છે. પરંતુ આહવા બસ સ્ટેન્ડમા સુવિધાનો ભારે અભાવ જોવા મળે છે. જે છે તે પણ યોગ્ય કહી શકાય તેવી નથી.આહવા ખાતે આવેલ બસ સ્ટેશનમાં બનાવેલ જાહેર શૌચાલય ગંદકી એ માઝા મુક્તા બસ ડ્રાઈવર અને કંડક્ટર સહિત મુસાફરોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવાની નોબત ઉભી થઈ છે.છતા તંત્રના પેટનુ પાણી પણ હાલતુ નથી. એક તરફ સરકાર એસટી પાછળ કરોડોના બજેટની ફાળવણી કરે છે. પરંતુ ક્યાક અધિકારીઓના આયોજનના અભાવે મુસાફરોને સુવિધાને બદલે દુવિધા ભોગવવાનો વારો આવતો હોઈ છે.

અહિંયા નથી પાણી કે નથી યોગ્ય શૌચાલયની સુવિધા. શૌચાલયમા પ્રવેશતા જ જાણે બાથરૂમ વર્ષોથી સાફ નાં કરવામાં આવેલું હોઈ એવી ગંદકી ઉભરી આવતી હોઈ છે.જેના કારણે મુસાફરોને પાછા ફરવાનો વારો આવે છે. અનેક રજુઆત છતા કોઈ કામગીરી કરાતી નથી. દુવિધાથી ઘેરાયેલા આ આહવાનાં બસ સ્ટેન્ડમા બેસવા કોઈ મુસાફર રાજી નથી. પરંતુ ના છુટકે મુસાફરોને બેસવુ પડે છે. ત્યારે એસટી તંત્ર પાણી અને સારુ શૌચાલયની સુવિધા મળી રહે તે જરૂરી બન્યુ છે.ડાંગ માં આવેલ બસ ડેપો માં તો ગંદકી નું શામ્રાજ્ય એવુ છે કે જ્યાં જુવો ત્યાં ગંદકી જ ગંદકી

# પાટણ મહિલા ઉત્કર્ષ મંડળ દ્વારા ગણેશજીની સ્થાપના કરવામાં આવી

ગુજરાત રાજયમાં આજરોજ ઠેર ઠેર ગણેશ ચતુર્થીના દિવસે વિઘ્નહર્તા ભગવાન ગણેશજીની સ્થાપના કરવામાં આવી રહી છે ત્યારે પાટણ ખાતે આવેલ મહિલા ઉત્કર્ષ મંડળ દ્વારા વિઘ્નહર્તા ભગવાન ગણેશજીની સ્થાપના કરી ભગવાનશ્રીને મોદક ના લાડુ ધરાવી આરતી કરવામાં આવી હતી આ પ્રસંગે ઉત્કર્ષમંડળની બહેનો તેમજ પ્રમુખશ્રી અલકાબેન દરજી હાજર રહ્યા હતાગણેશ ચતુર્થી ભારતના અનેક ભાગમાં વિવિધ રૂપમાં ઉજવાય છે તેમજ હિન્દુ ધર્મ મુજબ આજના દિવસે ભગવાન ગણેશજીનો જન્મ થયો હતો ત્યારે ગણેશ ચતુર્થીના પાવન દિવસે



ગુજરાત રાજયમાં ઠેર ઠેર વિસ્તારોમાં હર્ષઉલ્લાસ સાથે ભગવાન ગણેશજીની સ્થાપના કરવામાં આવે છે તેમાં જે દસ દિવસ સુધી તેનો ભક્તિપૂર્વક પૂજા અર્ચના કરવામાં આવે છે તેમજ મોદકની પ્રસાદ ચડાવી દસમા દિવસે તેનું વિસર્જન કરવામાં આવે છે ત્યારે પાટણ શહેરની અંદર આવેલ મહિલા ઉત્કર્ષ મંડળ દ્વારા આજરોજ ગણેશ ચતુર્થીના દિવસે પ્રમુખશ્રી અલકાબેન દરજી તેમજ ઉત્કર્ષ મંડળની બહેનો દ્વારા ભગવાન ગણેશજીની મૂર્તિ લાવી તેની કરવામાં આવી હતી.

**રિપોર્ટર- નિખિલ જોષી પાટણ બ્યુરો**

# ચાણસ્મા ખાતે વરસતા વરસાદ વચ્ચે વિઘ્નહર્તા ભગવાન ગણેશજીની સ્થાપના કરાઈ.




ચાણસ્મા શહેરની અંદર આજરોજ ગણેશ ચતુર્થી ના પાવન પર્વ નિમિત્તે ચાણસ્મા શહેરની અંદર આવેલ સાઈબાબાના મંદિરેથી વાજતે ગાજતે રંગે ચંગે દુદાળા દેવ ભગવાન શ્રી ગણપતિજી ની મૂર્તિ લાવી શહેર ની મધ્યમાં આવેલ ટાવરચોકે સ્થાપના કરવામાં આવી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહી આરતી નો લાહવો લીધો હતો.

ચાણસ્મા શહેરની અંદર દર સાલની જેમ પરંપરાગત આ સાલે પણ વિઘ્નહર્તા ભગવાન ગણપતિની સ્થાપના કરવામાં આવી હતી. જેમાં ચાણસ્મા ગણપતિ યુવક મંડળ દ્વારા વહેલી સવારે સાઈબાબાના મંદિરથી ભગવાન ગણપતિની રંગે ચંગે વાજતે ગાજતે મૂર્તિ લાવી ટાવર ચોક ખાતે સ્થાપના કરવામાં આવી હતી. તેમજ દાદા ની દસ દિવસ સુધી પૂજા અર્ચના કરી દશમાં દિવસે વિસર્જન કરવામાં આવશે તેમ ભક્તોએ જણાવ્યું હતું.

**રિપોર્ટર - નિખિલ જોષી પાટણ બ્યુરો**

# ચાણસ્મા ખારીધારીયાલ ગામેથી રૂ.૮૫,૨૭૨ નો વિદેશી દારૂ ઝડપી પાડતી ચાણસ્મા પોલિસ.



ગુજરાત રાજયમાં જાણે બુટલેગરોને પોલિસનો કોઈપણ પ્રકારનો ડર ન હોય તેમ દિનપ્રતિદિન બહારના રાજયમાંથી પ્રાઈવેટ વાહનો મારફતે ગુજરાત રાજયમાં વિદેશી દારૂ ઉતારી તેનું વેચાણ કરવામાં સાબદા બન્યા છે. ત્યારે પોલિસ પણ આવા બુટલેગરોને ઝડપી જેલના સળીયા પાછળ ધકેલી રહી છે. ત્યારે ચાણસ્મા પોલિસને મળેલ બાતમીને આધારે ચાણસ્માના ખારીધારીયાલ ગામેથી ગત રોજ મોડી રાત્રે વિદેશી દારૂ ઝડપી ગાડી ચાલક વિજયગીરી ઉર્ફે વીજુ સુરેશગીરી રહે. અમદાવાદવાળાની ધરપકડ કરી જેલના સળીયા પાછળ ધકેલી વધુ તપાસ ચાણસ્મા પાલિસ હાથ ધરી છે.

ચાણસ્મા પોલિસ સુત્રો દ્વારા મળતી માહીતી મુજબ ચાણસ્મા પોલિસને મળેલ બાતમીને આધારે ચાણસ્મા પોલિસ સ્ટાફના માણસો પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન ખારીધારીયાલ ગામ પાસે બાતમીવાળી શંકાસ્પદ સ્વિફ્ટ ગાડી નં. જી. ૨. હ્લ. ૫૩૫૧ ને ઝડપી તેમાં તપાસ કરતાં વિદેશી દારૂ તેમજ બીયરની પેટીઓ કિ.રૂ.૮૨,૨,૭૨મળી આવી હતી. તેમજ ઝડપાયેલ આરોપી વિજયગીરી પાસેથી મોબાઈલ નંગ ૧ કિ.રૂ. ૧૦,૦૦૦ તેમજ સ્વિફ્ટ ૫,૦૦૦૦૦ મળી જેની કુલ મુદામાલ કિ.રૂ.૫,૯૫,૨૭૨ જપ્ત કરી વધુ તપાસ ચાણસ્મા પોલિસે હાથ ધરી છે.તેમજ દારૂ ભરેલગાડી મોકલનાર બે શખ્સો કરણ સિહ તેમજ ડાહ્યાભાઈને ઝડપવા ચક્રો ગતિમાન કર્યા છે.

રિપોર્ટર - નિખિલ જોષી પાટણ બ્યુરો

# પાટણ મહિલા ઉત્કર્ષ મંડળ દ્વારા ગણેશજીની સ્થાપના કરવામાં આવી

ગુજરાત રાજયમાં આજરોજ ઠેર ઠેર ગણેશ ચતુર્થીના દિવસે વિઘ્નહર્તા ભગવાન ગણેશજીની સ્થાપના કરવામાં આવી રહી છે ત્યારે પાટણ ખાતે આવેલ મહિલા ઉત્કર્ષ મંડળ દ્વારા વિઘ્નહર્તા ભગવાન ગણેશજીની સ્થાપના કરી ભગવાનશ્રીને મોદક ના લાડુ ધરાવી આરતી કરવામાં આવી હતી આ પ્રસંગે ઉત્કર્ષમંડળની બહેનો તેમજ પ્રમુખશ્રી અલકાબેન દરજી હાજર રહ્યા હતાગણેશ ચતુર્થી ભારતના અનેક ભાગમાં વિવિધ રૂપમાં ઉજવાય છે તેમજ હિન્દુ ધર્મ મુજબ આજના દિવસે ભગવાન ગણેશજીનો જન્મ થયો હતો ત્યારે ગણેશ ચતુર્થીના પાવન દિવસે ગુજરાત રાજયમાં ઠેર ઠેર વિસ્તારોમાં હર્ષઉલ્લાસ સાથે ભગવાન ગણેશજીની સ્થાપના કરવામાં આવે છે તેમાં જે દસ દિવસ સુધી તેનો ભક્તિપૂર્વક પૂજા અર્ચના કરવામાં આવે છે તેમજ મોદકની પ્રસાદ ચડાવી દસમા દિવસે તેનું વિસર્જન કરવામાં આવે છે ત્યારે પાટણ શહેરની અંદર આવેલ મહિલા ઉત્કર્ષ મંડળ દ્વારા આજરોજ ગણેશ ચતુર્થીના દિવસે પ્રમુખશ્રી અલકાબેન દરજી તેમજ ઉત્કર્ષ મંડળની બહેનો દ્વારા ભગવાન ગણેશજીની મૂર્તિ લાવી તેની કરવામાં આવી હતી.

રિપોર્ટર- નિખિલ જોષી પાટણ બ્યુરો



દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસના ઉપલક્ષમાં માંડવીના ધારાસભ્યશ્રી અનિરુદ્ધભાઈ દવે દ્વારા શિલ્પકારોને પ્રોત્સાહન આપવા રેત શિલ્પ બનાવી ઉજવણી સેકટર-૨૧, ગાંધીનગર ખાતે કરવામાં આવી. જેનું ઉદ્ઘાટન માન. પ્રદેશ પ્રમુખશ્રી સી.આર.પાટીલ સાહેબના વરદ હસ્તે કરવામાં આવ્યું. આ અવસરે મેયરશ્રી હિતેશભાઈ મકવાણા ઉપસ્થિત રહી રેત શિલ્પ કલાને નિહાળી તેમજ કલાકારોની અદભુત કલા બદલ બિરદાવ્યા હતા.આ વેળાએ પ્રભારીશ્રી નૌકાબેન પ્રજાપતિ, શહેર અધ્યક્ષશ્રી રુચિરભાઈ ભટ્ટ, ધારાસભ્યશ્રી રીટાબેન પટેલ, ડે. મેયરશ્રી પ્રેમલસિંહ ગોલ, કાઉન્સિલરશ્રીઓ, પદાધિકારીશ્રીઓ, હોદેદારશ્રીઓ તેમજ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.




**ભારતીય જનતા પાર્ટી બક્ષીપંચ મોરચા દ્વારા સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં બક્ષીપંચ સમાજને ૨૭% અનામત આપવાના ઐતિહાસિક નિર્ણય બદલ માન. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા પ્રદેશ અધ્યક્ષ શ્રી સી આર પાટીલ સાહેબના "આભાર દર્શન"નો કાર્યક્રમ રામકથા મેદાન સેક્ટર ૧૧ ખાતે યોજાયો.**

**આ અવસરે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયરશ્રી હિતેશભાઈ મકવાણા ઉપસ્થિત રહ્યા હતા અને જણાવ્યું હતું કે માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના વડપણ હેઠળ 'સૌનો સાથ સૌનો વિકાસ' થઈ રહ્યો છે ત્યારે આ નિર્ણય સમગ્ર બક્ષીપંચ સમાજના ઉત્થાન માટે ખુબ જ લાભદાયક અને લોક ઉપયોગી રહેશે.**

# દિવાલીબેન ટ્રસ્ટ બારડોલી અને દેસાઈ ફાઉન્ડેશન દ્વારા સુબિર તાલુકામાં કાર્યક્રમ યોજવામાં આવ્યો




ડાંગ જિલ્લા માં કામ કરનારી પ્રસિદ્ધ સંસ્થા દિવાળીબેન ટ્રસ્ટ દ્વારા ડાંગ જિલ્લા ના સુબીર તાલુકા ની કુલ ૩૦ જેટલી શાળા માં આ કાર્ય ક્રમ યોજવા માં આવ્યુ આ કાર્ય કર્મ ની રૂપરેખા માં આરોગ્ય ની લગતી જાણકારી એની સ્વારછતા ની લગતી જાન કારી પ્રોજેક્ટર દ્વારા વિડિઓ મારફતે બતાવવામાં આવ્યુ.આ શિબિર માં મુખ્ય ત્વે દિવાળી બેન ટ્રસ્ટ માં કામ કરનાર સુબીર તાલુકા ના સયોજક .બનેશભાઈ એમ ચૌધરી અને એમના સાથે કામ કરનારા જ્યોતિરધર દ્વવારા આ શિબિર કાર્યક્રમ યોજવામાં આવ્યુ.

અને આ શિબિર માં વિડિઓ દ્વારા પ્રાથમિક સારવાર અને સ્વરછતા ની લગતી તમામ જાણકારી દિવાળીબેન ટ્રસ્ટ દ્વારા વિડિઓ ઓડીઓ સુબીર તાલુકા ની કુલ ૩૦ જેટલી શાળાઓ બતાવવા માં આવ્યુ. અને વિદ્યાર્થીઓ ને ઘણી જાણકારી દિવાળીનેન ટ્રસ્ટ દ્વારા આપવા માં આવી .

આ વિડિઓ દ્વારા આરોગ્ય ની લગતી તમામ જાણકારી અને સ્વારછતા ના લગતી તમામ જાણકારી પ્રોજેક્ટર દ્વવારા બતાવવામાં આવ્યુ. અને વિદ્યાર્થીઓ ને ઘણું શીખવા નું મળ્યું.

પ્રાથમિક આરોગય અને સ્વરછતા શિબિર દ્વારા વિદ્યાર્થીઓ ને ઘણી જાણકારી મળી અને મળતી માહિતી મુજબ આવા પ્રોગ્રામ દર વર્ષ યોજવા માં આવે એવુ વિદ્યાર્થીઓ નું કહેવું હતું

આ શિબિર માં વિદ્યાર્થીઓ યે દિવાળીબેન ટ્રસ્ટ બારડોલી અને દેસાઈ ફાઉન્ડેશન નું આભાર માન્યું અને આવા પ્રોગ્રામ દર વર્ષ થાય એવી આશા રાખી છે.

# ગાંધીનગર સીઆઇડી ક્રાઇમની ઓફિસના પાર્કિંગમાંથી હેડ કોન્સ્ટેબલનું બાઈક ચોરાયું, પોલીસે તપાસ હાથ ધરી

ગાંધીનગરનાં સહયોગ સંકુલ ખાતે આવેલી સીઆઈડી ક્રાઈમની ઓફિસનાં પાર્કિંગમાંથી હેડ કોન્સ્ટેબલનું બાઈક ચોરાઈ ગયાની ફરિયાદ સેક્ટર - ૭ પોલીસ મથકના ચોપડે નોંધાયો છે. અત્રેનાં પાર્કિંગમાંથી છાશવારે વાહનોની અદલા બદલી થઈ જતી હોવાથી હેડ કોન્સ્ટેબલને પણ એમ હતું કે કોઈ બાઈક લઈ ગયું હશે પણ આજદિન સુધી બાઈકનો પત્તો નહી લાગતા આખરે પોલીસ ફરિયાદ દાખલ કરાવવાની ફરજ પડી છે.ગાંધીનગરમાં વાહન ચોરીની વણઝાર વચ્ચે ખુદ પોલીસનું જ બાઈક ચોરાઈ ગયાની બૂમરાણ ઉઠી છે. ગાંધીનગરનાં સેકટર - ૬, વીર ભગતસિંહનગર ખાતે રહેતાં ગોપાલભાઈ બાબુભાઈ દેસાઈ સેક્ટર - ૧૧માં સહયોગ સંકૂલના ત્રીજા માળે આવેલ સીઆઈડી ક્રાઈમ શાખામાં પોલીસ હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવે છે. ગત તા. ૧૨ મી સપ્ટેમ્બરના રોજ ગોપાલભાઈ સવારના અગિયાર વાગે બાઈક લઈને ઓફિસે ગયા હતા

### ડાંગ જિલ્લા પચાયતનાં જિલ્લા વિકાસ અધિકારી આર.એ.ડામોર ની શું સમગ્ર ભ્રષ્ટાચાર બાબતે તપાસ કરશે ખરા ? કે પછી કોન બનેગા કરોડપતિ...?

# આહવા તાલુકા પચાયતમાં પ્લાસ્ટીકની કચરા પેટીની ખરીદીમાં ભ્રષ્ટ્રાચાર અધિકારીઓને ફરીયાદ બાદ પણ તપાસનાં નામે મીડું

આહવા તાલુકા વિકાસ અધિકારીનાં સાંઠગાંઠ નાં કારણે જ મળતિયા ઍજન્સીને કામ આપી પ્લાસ્ટીકની કચરાપેટીની ખરીદી કરી કરોડો રૂપિયાનો ભ્રષ્ટ્રાચાર થયો છે તેની તપાસ જિલ્લા વિકાસ અધિકારી કે નાયબ જિલ્લા વિકાસ અધિકારી તપાસ કરાવશે કે સમગ્ર મામલે ભીનું સંકેલી લે છે તે આવનારા દિવસોમાં માલુંમ પડશે

આહવા, ડાંગ જિલ્લા પચાયતનાં આહવા તાલુકામાં લાખોના ખર્ચે ગામે ગામ મુકાવવા માં આવેલ હલકી ગુણવત્તાવાળી પ્લાસ્ટીકની કચરાપેટીની લે-ભાંગુ ઍજન્સી પાસેથી ખરીદી કરી કરોડો રૂપયિનો મહાભ્રષ્ટાચાર કરવામાં આવ્યો છે. એ દેખીતું છે.બજાર કરતા વધુ કિંમતના બીલો મુકાયા છે અને આ બોગસ બીલો પાસ કરવા માટે ભ્રષ્ટ અધિકારીઓ પણ ઉતાવળા બન્યા હોવાના આક્ષેપ થઈ રહ્યા છે. ઍક જાગૃત નાગરિક દ્વારા આ સમગ્ર કચરાપેટી કૌભાંડની તપાસ કરી ભ્રષ્ટાચાર આચારનાર ઍજન્સીને બ્લેકલિસ્ટ કરવા માટે ટી.ડી.ઓ.ને ફરિયાદ કરવા છતા હજુ સુધી કોઈ પગલાં ન ભરવામાં આવતાં જિલ્લા વહીવટીતંત્રની કામગીરી સામે અનેક સવાલ ઊભા થયાં છે દરેક વખતે આં પંચાયતમાં ઘણા આકક્ષેપ થઈ રહ્યા છે પણ કોઈ ધ્યાન આપવા વાળો કોઈ નથી ડાંગ જિલ્લા માં તો આવું ચાલ્યા જ કરે છે. અને થતુંજ રહેશે

પ્રાપ્ત માહિતી અનુસાર ડાંગ જિલ્લા પચાયતનાં આહવા તાલુકામાં ૧૫મા નાણાંપંચમાં વર્ષ ૨૦૨૦-૨૧ તાલુકા કક્ષાની જાગવાઈ ૨૦ ટકા હેઠળ સ્ટેન્ડ વાડી કચરાપેટી ફીટ કરવા માટે નું આયોજન કરવામાં આવ્યું હતું. પરંતુ આ કચરાપેટીના આયોજનમાં ભ્રષ્ટ તાલુકા વિકાસ અધિકારી શ્રી તથા તાલુકાનાં પદાધિકારીઓ ભ્રષ્ટાચાર કરવાના ઈરાદે ટેન્ડર પ્રક્રિયામાં સાંઠગાંઠ કરી પોતાની માનીતી વિશ્વા નામની ઍજન્સીનું ટેન્ડર મંજૂરી કરી પ્લાસ્ટીકની કચરાપેટી લગાવવાની કામગીરી સોપવામાં આવી હતી. આ ઍજન્સીના સંચાલક દ્વારા બજારમાં જે કચરાપેટી રૂ. ૧૫૦૦ માં મળે છે તેવી હલકી ગુણવત્તા વાળી કચરાપેટીની ખરીદી કરી જમીનમાં ફીટ કરવાની જગ્યાં લોદ્વખડનાં બે પાઈપો લગાવી જમીન પર કચરા પેટીને મુકી દેવામાં આવી છે



જમીનમાંથી ઉભી રાખવામાં આવેલ કચરાપેટી બીન ઉપયોગી થઈ ગઈ છે અને હાલ ધૂળ ખાતી જાવા મળી રહી છે. ફરિયાદીના જણાવ્યા પ્રમાણે ૧૫૦૦ રૂપિયામાં ખરીદાયેલી આ કચરાપેટીના ઍજન્સી દ્વારા ૫૦૦૦ રૂપિયાથી વધુની કચરાપેટીનું બીલ મુકી તગડી કટકી કરવામાં આવવા છતાં સંબંધિત અધિકારીઓ પણ આ બોગસ બીલો સ્વીકારી આ બીલ મંજૂર કરવા માટે દાવપેચ રમી રહ્યા હતાં પરંતુ ફરીયાદીઍ ફરીયાદ કરતાં ભ્રષ્ટ્રાચારીઓની મેલી મુરાદ પાણી ફરી ગયું છે ફરીયાદીનાં ફરીયાદ અરજી બાદ પણ આહવા તાલુકા વિકાસ અધિકારી શ્રી દ્વારા તપાસ કરવાની તસ્દી પણ લીધી નથી કે કોઈ કર્મચારી કે અધિકારીને આજદિન સુધી તપાસ સોપી નથી ત્યારે તાલુકા વિકાસ અધિકારી શ્રી ની કામગીરી સામે અનેક સવાલ ઊભા થયાં છે

આહવા તાલુકા વિકાસ અધિકારી અને વિશ્વા ઍજન્સીનાં સંચાલકોનાં સાંઠગાંઠમાં કરોડો રૂપિયાનાં મહાભ્રષ્ટ્રાચારની તપાસ નાયબ જિલ્લા વિકાસ અધિકારી કે જિલ્લા વિકાસ અધિકારી કરશે તો દુધનું દુધ અને પાણીનું પાણી થઈ જશે ખરું ને કે પછી તપાસ ના નામે મીંડું. અંધેરી નગરી મેં ગડું રાજા પરિસ્થિતિ સર્જાશે વિશ્વનીય સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ વિશ્વા ઍજન્સીનો સંચાલક વિશ્વજીત નામનો તલાટીકમ મંત્રી છે જે પહેલાં ડાંગમાં જ નોકરી કરતો તે સમયથી આવા બેનંબરીયાં ધંધાઓ કરે છે હાલ તેમની બદલી તેમનાં વતન માં થઈ છે ત્યાં નોકરી કરવાનાં બદલે તેઓ ડાંગમાં જ ચાર થી પાંચ દિવસ પડયાં રહે છે તેમનાં ફરજ પર પણ જતાં નથી તેમ છતાં તેમની નોકરી કેવી રીતે ચાલે છે તે પણ તપાસનો વિષય છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.